Registered & Corporate Office:
AMANTA HEALTHCARE LIMITED
8th Floor, Shaligram Corporates, CJ Marg,
Ambli, Ahmedabad–380058, Gujarat, INDIA.
Tel.: 079 – 67777600
Email: info@amanta.co.in
Website: www.amanta.co.in

CIN: L24139GJ1994PLC023944

Date: June 29, 2026

To,	To,
Sr. General Manager Listing Department **BSE Limited** Phiroze Jeejeebhoy Towers, Dalal Street, Mumbai – 400 001.	Sr. General Manager **National Stock Exchange of India Limited** Exchange Plaza, C-1, Block G Bandra Kurla Complex Bandra (E), Mumbai – 400 051.
Scrip Code: **544502**	Trading Symbol: **AMANTA**

Dear Sir / Madam,

Subject: - Newspaper advertisement in respect of special window for transfer and dematerialization requests of physical shares

Ref.: SEBI Circular no. HO/38/13/11(2)2026-MIRSD-POD/ I/3750/2026 dated January 30, 2026

Please find enclosed copies of Newspaper cuttings published in "Business Standard" (English) and Jai hind (Gujarati) on June 29, 2026 in connection with special window for transfer and dematerialisation requests of physical shares.

Kindly take this information on your record.

Thanking you,

Yours faithfully,
FOR, AMANTA HEALTHCARE LIMITED

Dinodia Nikhita

Digitally signed by Dinodia Nikhita
DN: c=IN, o=Personal, title=8566,
pseudonym=2110201e1d024716bc7c8cb71aee2c6c,
2.5.4.20=de51f0a5a2bf09c322653af79eb52283df1d5f06355edec1ca4d84b91a1a643a, postalCode=380028, st=Gujarat,
serialNumber=81b8bd656eb87ef922a9a651aad1a8cbaf1069644ddf48b498a62779ad541684, cn=Dinodia Nikhita
Date: 2026.06.29 16:41:09 +05'30'

NIKHITA DINODIA
COMPANY SECRETARY AND COMPLIANCE OFFICER

Foreign universities build local faculty base in India

AUHONA MUKHERJEE
New Delhi, 28 June



Foreign universities establishing campuses in India are building permanent local faculty bases rather than relying solely on academics from their home campuses, as overseas institutions expand their presence in the country's higher education market.

Unlike earlier models of transnational education, which relied heavily on visiting faculty, foreign universities setting up campuses in India are creating full-time academic positions while supplementing them with faculty seconded from overseas campuses and visiting professors.

The University of Bristol has appointed 11 full-time faculty members for its Mumbai campus and plans further recruitment. The university said local faculty would teach alongside academics visiting from Bristol for short-, medium-, and long-term assignments, while academic governance, quality assurance, and degree awards would remain under Bristol's existing institutional framework.

The institution also plans joint research programmes between its UK and Mumbai campuses.

"We have a significant India-based plan to open up opportunities for local faculty to be based full-time in Mumbai," Professor Michele Acuto, Pro-Vice Chancellor for global engagement at the University of Bristol, told *Business Standard*.

Victoria University said its Delhi-National Capital Region (NCR) campus would recruit faculty from Indian higher education institutions alongside academics seconded from Australia, internationally recruited faculty, and visiting industry professionals. The university said the curriculum and pedagogy would mirror those at its Melbourne campus, while grading appeals would be handled by review committees in India.

"Our faculty for Victoria University India's Delhi-NCR campus will consist of experienced academics from top Indian higher education institutions, seconded faculty from Victoria University Australia, and global faculty from top institutions across the world, as well as visiting and guest faculty from the industry," Abhishek Sharma, chief operating officer, Victoria University India, told *Business Standard*.

THE TREND IS UNLIKE EARLIER MODELS OF TRANSNATIONAL EDUCATION, WHICH RELIED HEAVILY ON VISITING FACULTY

The University of Wollongong India is also planning to expand its academic workforce as enrolments grow, with further recruitment expected from August. Campus Director Nimay Kalyani told *Business Standard* that most new appointments would be India-based, supplemented by faculty from the university's campuses in Australia, Dubai, and Malaysia.

"The majority of these appointments are expected to be filled by India-based academics, including highly accomplished faculty returning to India after international careers, as well as academics from the Indian higher education sector," Kalyani added.

Faculty recruited in India would be employed directly by the university under locally compliant contracts, Kalyani said. Recruitment would be governed by Indian regulatory requirements alongside the university's global academic policies and Australia's quality assurance framework.

The University of Wollongong, Deakin University, and the University of Southampton have already begun academic operations in India. A second wave of foreign universities, including the University of Bristol, Victoria University, the University of Liverpool, and the University of York, is preparing to open campuses.

Emeritus, which supports the India operations of seven foreign universities, including the University of Bristol, the University of Liverpool, the University of York, and Victoria University, handles non-academic functions such as campus administration. Faculty recruitment, however, is carried out directly by the universities, said Avnish Singhal, president, India, Asia-Pacific, and Middle East consumer business at Emeritus. According to Singhal, universities use the same faculty search panels and recruitment processes for India appointments as they do at their home campuses.

"It is usually a mix of faculty. There will be academics seconded from the home campus for six months to a year or more. There will also be globally recruited faculty who relocate to India or are already teaching in other countries, as well as high-quality local faculty, because the campuses are serving the Indian market. It's a healthy mix of all three," Singhal added.

He added that senior academic leadership, including the provost, is typically recruited globally or seconded from the home campus.

The hiring plans indicate that foreign universities are building permanent academic teams in India rather than relying primarily on visiting faculty, even as academic oversight and senior leadership continue to be anchored at their home campuses.

Govt proposes easing licence timelines for moderate, high-risk medical devices

SANKET KOUL
New Delhi, 28 June



Key proposals

- Draft aims boosting regulatory efficiency, industry growth, and device availability nationwide
- Class B device licensing timeline reduced from 140 to 115 days
- Class C and D approvals shortened from 105 to 90 days
- Health ministry seeks stakeholder feedback within 30 days before finalising amendments

The Centre has proposed amendments to the Medical Device Rules (MDR), 2017, aimed at fast-tracking manufacturing licensing timelines for devices across different risk categories.

This would give a fillip to India's \$15-billion medical devices industry. The Union Health Ministry on Sunday issued a draft notification proposing a reduction in the statutory timelines set by the Central Drugs Standard Control Organisation (CDSCO) for processing applications for manufacturing licences across three categories of medical devices.

Under MDR 2017, medical devices are classified into four categories: Classes A and B (low-to-moderate risk devices) and Classes C and D (high-risk devices). The Centre will now amend Rules 20 and 23 of the MDR, which govern timelines for application scrutiny and auditing of medical device manufacturing sites regarding Quality Management System compliance.

According to the proposed amendments, the timeline for the grant of manufacturing licence for Class B devices, such as blood pressure monitors, hypodermic needles and pulse oximeters, has been proposed to be reduced from 140 days to 115 days. Similarly, the regulatory timeline for high-risk Class C and D devices, such as cardiac stents, hip and knee implants and other orthopaedic implants, will be reduced from 105 days to 90 days. However, no such timeline cuts have been announced for Class A devices.

Senior officials in the health ministry said the move to reduce timelines aims to enable faster regulatory approvals while maintaining established standards of quality, safety and performance.

"This will enhance ease of doing business, improve regulatory efficiency and facilitate timely availability of quality medical devices in the country," an official told *Business Standard*.

Himanshu Baid, managing director at Delhi-based Poly Medicure added that the move will help in boosting domestic manufacturing as companies will be able to get licences much quicker.

"The specific timeline for audits to be carried out and compliance verification of non-conformance reported in the previous inspection is not mentioned in the rule, which results in delay in QMS inspection and compliance verification by the registered notified body in case of Class A and Class B medical devices," the board had contended, according to the minutes of the meeting seen by *Business Standard*.

The ministry has invited objections and suggestions from stakeholders on the draft notification within 30 days before finalising the amendments.

CertIn issues malware warning to WhatsApp web, desktop users

WhatsApp web and desktop users are being targeted by a large-scale malware distribution campaign that could give criminals unauthorised access and compromise their devices, national cybersecurity watchdog CertIn said in a note.

The Indian Computer Emergency Response Team has warned WhatsApp web and desktop users to be cautious of any attachments, even if they come from a friend, colleague or family member. "It has been observed that a large-scale malware distribution campaign is targeting WhatsApp Desktop and WhatsApp Web users. The campaign distributes malicious Visual Basic Script (VBScript) files through direct messages on the platform," CertIn said on June 25.

"WhatsApp is a cross-platform instant messaging application that enables users to exchange messages, files, images, videos and other content across desktop and web platforms. Attackers use previously compromised WhatsApp accounts to send malicious VBScript files to existing contacts. The messages originate from trusted contacts, recipients may be more inclined to open the attachment." "Do not open attachments you were not expecting, even if they come from a friend, colleague, or family member," it added. PTI

દેશભરમાં ૪૩% વરસાદની અછત નોંધાઈ

અલ-નીનોની અસરથી ચોમાસું પડ્યું નબળું? દેશમાં ૪૩% ઓછો વરસાદ

નવી દિલ્હી, તા.૨૮

દેશમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની ગતિ હાલ ધાર્યા કરતાં ઘણી ધીમી છે. ૨૭ જૂન સુધી સમગ્ર દેશમાં સામાન્ય કરતાં લગભગ ૪૩% ઓછો વરસાદ નોંધાયો છે, જેના કારણે હવામાન વૈજ્ઞાનિકોની ચિંતા વધી છે. હવામાન વિભાગ (IMD) અગાઉથી જ જૂનથી સપ્ટેમ્બર વચ્ચે સામાન્ય કરતાં ઓછા વરસાદની સંભાવના વ્યક્ત કરી ચૂક્યો છે. હવે નવી ચિંતા એ છે કે આ વખતે હિંદ મહાસાગરમાં ઈન્ડિયન ઓશન ડાયપોલ (IOD) પણ ન્યુટ્રલ (તટસ્થ) સ્થિતિમાં છે. સામાન્ય રીતે પોઝિટિવ IOD અલ નીનોની નકારાત્મક અસરને અમુક હદ સુધી ઓછી કરવામાં મદદ કરે છે, પરંતુ આ વખતે એવી મદદ મળવાની શક્યતા ઓછી છે. તેના કારણે ખેતી, જળસંગ્રહ અને ખરીફ પાક પર અસર થવાની આશંકા વધી ગઈ છે. જોકે, હવામાન વિભાગનું કહેવું છે કે આગામી મહિને ચોમાસું સમગ્ર દેશમાં ફેલાઈ ગયા બાદ વરસાદના આંકડામાં થોડો સુધારો થઈ શકે છે.



અહેવાલ મુજબ, નિષ્ણાતોનું માનવું છે કે, હાલ દુષ્કાળ જાહેર કરવાની સ્થિતિ નથી, પરંતુ જો જુલાઈમાં પણ સામાન્ય કરતાં ઘણો ઓછો વરસાદ રહેશે તો અનેક રાજ્યોમાં સ્થિતિ ગંભીર બની શકે છે. અલ નીનો પહેલાથી જ ચોમાસાને નબળું બનાવી રહ્યો છે અને ન્યુટ્રલ IODને કારણે તેને કોઈ વધારાની મદદ મળી રહી નથી. આ જ કારણથી વૈજ્ઞાનિકો સમગ્ર ચોમાસાની સિઝન પર સતત નજર રાખી રહ્યા છે. આગામી કેટલાક અઠવાડિયા ખેતી અને જળસંપત્તિ બંને માટે અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યા છે.

હવામાન વૈજ્ઞાનિકોનું કહેવું છે કે, આ વખતે અલ નીનો સાથે ઈન્ડિયન ઓશન ડાયપોલ પણ ન્યુટ્રલ સ્થિતિમાં છે

હવામાન વૈજ્ઞાનિકોના જણાવ્યા મુજબ ભારતના ચોમાસા પર અસર કરનારા બે મુખ્ય પરિબળો અલ નીનો અને ઈન્ડિયન ઓશન ડાયપોલ (IOD) છે. અલ નીનો સક્રિય હોય ત્યારે સામાન્ય રીતે ચોમાસું નબળું પડે છે. જો એ જ સમયે પોઝિટિવ IOD હોય તો તે વરસાદની ખામીને અમુક હદ સુધી પૂરી કરવામાં મદદરૂપ બને છે, પરંતુ આ વખતે હિંદ મહાસાગરમાં ન્યુટ્રલ IODની સ્થિતિ છે. તેનો અર્થ એ છે કે તે ચોમાસાને ન તો મજબૂત બનાવશે અને ન તો નબળું પાડશે, જેના કારણે અલ નીનોની અસર વધુ જોવા મળી શકે છે.

૧ જૂનથી ૨૭ જૂન વચ્ચે દેશભરમાં ૪૩% વરસાદની અછત નોંધાઈ છે. અનેક રાજ્યોમાં સ્થિતિ વધુ ગંભીર છે. મેઘાલયમાં ૮૨%, ગુજરાતમાં ૭૯%, મણિપુરમાં ૭૧%, છત્તીસગઢમાં ૬૮%, ઝારખંડમાં ૬૬%, મહારાષ્ટ્રમાં ૫૯%, ઉત્તર પ્રદેશમાં ૫૬%, ઓડિશામાં ૫૨% અને બિહારમાં ૫૦% સુધી વરસાદની અછત નોંધાઈ છે. મધ્ય પ્રદેશમાં પણ ૪૧% ઓછો વરસાદ નોંધાયો છે, જે ખેતીની દૃષ્ટિએ ચિંતાજનક માનવામાં આવે છે.

દેશના ચાર મુખ્ય હવામાન વિસ્તારોમાં પણ સામાન્ય કરતાં ઘણો ઓછો વરસાદ થયો છે. મધ્ય ભારતમાં સૌથી વધુ ૫૭% વરસાદની અછત નોંધાઈ છે. ત્યારબાદ પૂર્વોત્તર અને પૂર્વીય ભારતમાં ૪૪%, દક્ષિણ દ્વીપકલ્પીય ભારતમાં ૩૦% અને ઉત્તર-પશ્ચિમ ભારતમાં ૨૭% ઓછો વરસાદ થયો છે. કર્ણાટક, કેરળ, તમિલનાડુ અને તેલંગાણા જેવા રાજ્યોમાં ચોમાસું પહોંચી ગયું હોવા છતાં અપેક્ષા મુજબ વરસાદ થયો નથી. દિલ્હીમાં પણ ભેજને કારણે લોકોની મુશ્કેલી વધી છે. શનિવારે મહત્તમ તાપમાન ૪૧.૩ ડિગ્રી સેલ્સિયસ રહ્યું, પરંતુ વધુ ભેજને કારણે અનુભવાતું તાપમાન ૫૧.૩ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, હવામાં ભેજ વધતાં ગરમી વધુ અનુભવાઈ રહી છે. જો ટૂંક સમયમાં સારો વરસાદ નહીં પડે તો ઉત્તર ભારતમાં ભેજ અને ગરમીનો પ્રકોપ હજુ થોડા દિવસ યથાવત રહી શકે છે.

હવામાન વિભાગનું કહેવું છે કે, હજુ ચોમાસાની આખી સિઝન બાકી છે અને જુલાઈમાં સમગ્ર દેશમાં ચોમાસું સંપૂર્ણ ફેલાયા બાદ વરસાદના આંકડામાં સુધારો થવાની શક્યતા છે. જોકે, અલ નીનોની અસરને ધ્યાનમાં રાખીને વિભાગે અગાઉથી જ સામાન્ય કરતાં ઓછા વરસાદની આગાહી કરી છે. હવામાન વૈજ્ઞાનિકોનું માનવું છે કે, જુલાઈ અને ઓગસ્ટમાં પડનારો વરસાદ જ નક્કી કરશે કે આ ચોમાસું સામાન્ય રહેશે કે દેશને દુષ્કાળ જેવી સ્થિતિનો સામનો કરવો પડશે.

હાલ વૈજ્ઞાનિકો સતત વૈશ્વિક હવામાન સંકેતો પર નજર રાખી રહ્યા છે. જો અલ નીનો લાંબા સમય સુધી સક્રિય રહેશે અને IOD ન્યુટ્રલ જ રહેશે તો અનેક રાજ્યોમાં ખરીફ પાક, જળાશયો અને પીવાના પાણીના પુરવઠા પર દબાણ વધી શકે છે. જોકે, ચોમાસાની આખી સિઝન પૂર્ણ થયા પછી જ અંતિમ સ્થિતિ સ્પષ્ટ થશે. હાલ ખેડૂતો અને સામાન્ય લોકોની નજર જુલાઈમાં પડનારા વરસાદ પર ટકેલી છે.



વિદેશ મંત્રાલયે મહત્વની એડવાઈઝરી જાહેર કરી

કૈલાશ માનસરોવર યાત્રા પર નીકળેલા અનેક ભારતીય નાગરિકો નેપાળમાં અટવાયા

કાઠમંડુ, તા.૨૮

ખાનગી ટૂર ઓપરેટરો દ્વારા કૈલાશ માનસરોવર યાત્રા પર જઈ રહેલા ભારતીય નાગરિકો માટે વિદેશ મંત્રાલયે (MEA) એ એક અત્યંત મહત્વની એડવાઈઝરી જાહેર કરી છે. મંત્રાલયે જણાવ્યું છે કે પ્રાઈવેટ ટૂર ઓપરેટરો દ્વારા ચીનના જરૂરી એન્ટ્રી પરમિટ અને વિઝા મેળવ્યા વિના જ યાત્રા પર નીકળેલા અનેક ભારતીય નાગરિકો હાલ નેપાળમાં અટવાયા છે. જેમના તરફથી મદદ માટે વિનંતીઓ મળી રહી છે. હાલ આવા અંદાજે ૫૨ જેટલા ભારતીય શ્રદ્ધાળુઓ નેપાળના કાઠમંડુમાં ફસાયા છે અને આગળની સુરક્ષિત મુસાફરી માટે ભારત સરકારની તાત્કાલિક સહાયની રાહ જોઈ રહ્યા છે.

વિદેશ મંત્રાલયે દેશના નાગરિકોને સ્પષ્ટ સલાહ આપી છે કે જ્યાં સુધી સંપૂર્ણ પ્રવાસ માટેના તમામ જરૂરી પ્રવાસ દસ્તાવેજો (વિઝા અને પરમિટ) હાથમાં ન આવી જાય, ત્યાં સુધી ભારતમાંથી પોતાની યાત્રા શરૂ ન કરવી. અધૂરા દસ્તાવેજો સાથે અથવા વિઝા મળી જશે તેવી આશાએ પ્રવાસ શરૂ કરવાથી અધવચ્ચે અટવાઈ જવાની શક્યતા નોંધપાત્ર રીતે વધી જાય છે. આ ઉપરાંત, મંત્રાલયે શ્રદ્ધાળુઓને ભારપૂર્વક જણાવ્યું છે કે તેઓ જે ટૂર ઓપરેટર સાથે જઈ રહ્યા છે તે સત્તાવાર રીતે રજિસ્ટર્ડ અને પ્રમાણિત છે કે નહીં તેની પણ અગાઉથી ખાતરી કરી લે.

પ્રવાસ માટેના તમામ જરૂરી પ્રવાસ દસ્તાવેજો હાથમાં ન આવી જાય, ત્યાં સુધી ભારતમાંથી પોતાની યાત્રા શરૂ ન કરવી

નેપાળમાં ફસાયેલા યાત્રિકોનો આ ગંભીર મુદ્દો નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટી (શરદ પવાર)ના સાંસદ સુપ્રિયા સુલેએ શનિવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર ઉઠાવ્યો હતો. તેમણે વિદેશ મંત્રાલય અને ભારતીય દૂતાવાસોને તાત્કાલિક દરમિયાનગીરી કરવા વિનંતી કરી હતી. સુલેએ પોતાની પોસ્ટમાં લખ્યું, "કૈલાશ માનસરોવરની યાત્રાએ ગયેલા આશરે ૫૨ ભારતીય નાગરિકો હાલ કાઠમંડુમાં અટવાયા છે અને તેમને તાકીદની મદદની જરૂર છે. હું વિદેશ મંત્રી ડો. એસ. જયશંકર, કાઠમંડુ અને બેઇજિંગ સ્થિત ભારતીય દૂતાવાસોને આ બાબતે યોગ્ય પગલાં ભરીને ભક્તોની સુરક્ષિત આગળની યાત્રા સુનિશ્ચિત કરવા અપીલ કરું છું." ઉલ્લેખનીય છે કે, કૈલાશ માનસરોવર યાત્રા ૨૦૨૬ માટે શ્રદ્ધાળુઓનો પ્રથમ જથ્થો ગત ૨૦ જૂનના રોજ ભારત-ચીન સરહદ પર આવેલા નાથુ લા પાસ (Nathu La Pass) મારફતે સફળતાપૂર્વક ચીનની સરહદમાં પ્રવેશી ચૂક્યો છે. પરંતુ પ્રાઈવેટ ઓપરેટરો દ્વારા નેપાળ થઈને જતા યાત્રિકો માટે દસ્તાવેજોની પૂર્તતા કરવી અત્યંત જરૂરી છે.

સંરક્ષણથી યોગ સુધી ગણાવી મોટી સફળતાઓ

'મન કી બાત'માં વડાપ્રધાન મોદીનું આત્મનિર્ભર ભારત પર ફોકસ

નવી દિલ્હી, તા.૨૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના મંથલી રેડિયો કાર્યક્રમ 'મન કી બાત'ના ૧૩૫મા એપિસોડમાં દેશની સુરક્ષા, આત્મનિર્ભરતા અને યોગ ક્ષેત્રમાં ભારતની વૈશ્વિક સિદ્ધિઓ અંગે અનેક મહત્વપૂર્ણ વાતો શેર કરી હતી. તેમણે કહ્યું કે, છેલ્લા છ મહિનામાં ભારતે એવા અનેક કાર્યો કર્યા છે, જેના પર દરેક દેશવાસીને ગર્વ થવો જોઈએ. વડાપ્રધાન મોદીએ ખાસ કરીને સ્વદેશી સંરક્ષણ ઉત્પાદન, ભારતીય નૌકાદળની વધતી શક્તિ અને દેશમાં તૈયાર થઈ રહેલા Made in India C-295 વિમાનનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે, સમુદ્રથી લઈને આકાશ સુધી ભારતની સુરક્ષા સતત મજબૂત બની રહી છે અને તેમાં સ્વદેશી ટેકનોલોજીની મહત્વપૂર્ણ ભૂમિકા છે. વડાપ્રધાનનો આ સંદેશ એવા સમયે આવ્યો છે જ્યારે ભારત સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભર બનવાની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યું છે અને સ્થાનિક સંરક્ષણ ઉદ્યોગને સતત પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

વડાપ્રધાન મોદીએ પોતાના સંબોધનમાં માત્ર સંરક્ષણ ક્ષેત્રની સિદ્ધિઓનો જ ઉલ્લેખ નહોતો કર્યો, પરંતુ યોગ, રોજગાર અને સમાજસેવા જેવા વિષયો પર પણ ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું કે, જૂન મહિનામાં ભારતે એવા અનેક માઈલસ્ટોન હાંસલ કર્યા છે, જે દેશની ક્ષમતા અને આત્મવિશ્વાસને વિશ્વ સમક્ષ મજબૂતીથી રજૂ કરે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતીય નૌકાદળમાં સામેલ થયેલા નવા સ્વદેશી યુદ્ધજહાજો, C-295 વિમાનની પ્રથમ ઉડાન, વિશ્વ યોગાસન ચેમ્પિયનશિપમાં ભારતના શાનદાર પ્રદર્શન અને મહારાષ્ટ્રના એક પરિવારની અનોખી સામાજિક પહેલનું ઉદાહરણ આપીને દેશવાસીઓને પ્રેરણા આપી હતી. તેમણે કહ્યું કે, આવા પ્રયાસો વિકસિત ભારતનો મજબૂત પાયો તૈયાર કરી રહ્યા છે.



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, "૨૦૨૬નું અડધું વર્ષ પૂર્ણ થવા આવ્યું છે. આ છ મહિનામાં અમે મન કી બાતમાં દેશવાસીઓની અનેક સિદ્ધિઓ અંગે ચર્ચા કરી છે.

જૂન મહિનામાં પણ દેશે કેટલીક એવી સિદ્ધિઓ હાંસલ કરી છે, જે દરેક દેશવાસીને ગર્વથી ભરી દે છે. આ સફળતાઓ દેશની સુરક્ષા અને આત્મનિર્ભરતા સાથે જોડાયેલી છે."

તેમણે તાજેતરમાં કોલકાતામાં યોજાયેલા ભારતીય નૌકાદળના કાર્યક્રમનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે, INS દૂનાગીરી, INS સંશોધક અને INS અગ્રયને નૌકાદળના બેડામાં સામેલ કરવામાં આવ્યા છે. વડાપ્રધાને કહ્યું કે, આ યુદ્ધજહાજોની ડિઝાઈનથી લઈને નિર્માણ સુધી બધું જ સ્વદેશી છે. આ ભારતની સંરક્ષણ ઉત્પાદન ક્ષમતા અને આત્મનિર્ભર ભારત અભિયાનની મોટી સિદ્ધિ છે.

અમરનાથ યાત્રા સલામત અને સરળ કરવાની તૈયારી પૂરજોશમાં

જમ્મુ,તા.૨૮

અમરનાથ યાત્રા ૨૦૨૬ માટે ફક્ત થોડા દિવસો બાકી છે. સલામત અને સરળ યાત્રા સુનિશ્ચિત કરવા માટે તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. આ સંદર્ભમાં, જમ્મુ અને કાશ્મીર પોલીસે માઉન્ટેન રેસ્ક્યુ ટીમ દ્વારા વ્યાપક મોક ડ્રીલ હાથ ધરી હતી. આ મોક ડ્રીલનો હેતુ સંભવિત આતંકવાદી હુમલાની સ્થિતિમાં સુરક્ષા દળોની તૈયારી અને ઝડપી પ્રતિભાવ ક્ષમતાઓનું પરીક્ષણ કરવાનો હતો. અહેવાલો અનુસાર, કોઈપણ કટોકટીનો સામનો કરવા માટે સુરક્ષા દળોની તૈયારીનું મૂલ્યાંકન કરવા માટે યાત્રા માર્ગ પર ૧૮ અલગ અલગ સ્થળોએ આ કવાયત હાથ ધરવામાં આવી હતી. આ મોક ડ્રીલ પહેલગામ અને બાલતાલ બંને યાત્રાધામ માર્ગો પર હાથ ધરવામાં આવી હતી, જેમાં પવિત્ર ગુફા, પંજતરણી, શેષનાગ અને ચંદનવારી સહિત અનેક સંવેદનશીલ સ્થળોને આવરી લેવામાં આવ્યા હતા.

માઉન્ટેન રેસ્ક્યુ ટીમ દ્વારા ૧૮ સ્થળોએ મોક ડ્રીલ

જમ્મુ અને કાશ્મીર પોલીસના જણાવ્યા અનુસાર, તમામ પર્વત બચાવ ટીમોએ મોક ડ્રીલ દરમિયાન સંતોષકારક પ્રદર્શન કર્યું, કોઈપણ કટોકટીનો સામનો કરવા માટે તેમની સંપૂર્ણ તૈયારી દર્શાવી.

કટરા નજીક સીઆઈએસએફ કર્મચારીઓની બસને અકસ્માત

આઠ સૈનિક અને ડ્રાયવર સહિત નવ લોકો ઘાયલ

જમ્મુ,તા.૨૮

માતા વૈષ્ણો દેવીના બેઝ કેમ્પ કટરા નજીક તારાકોટ વિસ્તારમાં સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રિયલ સિક્યુરિટી ફોર્સ કર્મચારીઓની બસનો અકસ્માત થયો હતો.

જમ્મુ અને કાશ્મીરના કટરામાં સીઆઈએસએફ બસ અકસ્માતમાં આઠ સૈનિકો અને એક ડ્રાઈવર સહિત નવ લોકો ઘાયલ થયા છે. રિયાસી જિલ્લાના તારાકોટ નજીક બસે કાબૂ ગુમાતા તે ખીણમાં ખાબકી હતી. ઘાયલોને પ્રાથમિક સારવાર બાદ જમ્મુ મેડિકલ કોલેજ, જમ્મુ રિફર કરવામાં આવ્યા હતા. જ્યારે ત્રણ ગંભીર રીતે ઘાયલ સૈનિકોને નારાયણ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં ત્રણ સૈનિકોની હાલત ગંભીર હોવાથી તેમને વિશેષ સારવાર માટે જમ્મુ રિફર કરવામાં આવ્યા હતા. અધિકારીઓના જણાવ્યા અનુસાર બપોરે આ અકસ્માત ત્યારે થયો જ્યારે સીઆઈએસએફ બસ, સુરક્ષા કર્મચારીઓને તેના ગંતવ્ય સ્થાન પર લઈ જઈ રહી હતી. તારાકોટ નજીક ડ્રાઈવરે અચાનક વાહન પરનો કાબુ ગુમાવ્યો, જેના કારણે બસ રસ્તા પરથી લપસી ગઈ. અકસ્માતને કારણે ઘટનાસ્થળે અફડાતફડી મચી હતી. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક વહીવટીતંત્ર, પોલીસ અને બચાવ ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ. બચાવ કાર્યકરોએ બસમાં ફસાયેલા ઘાયલોને બચાવ્યા અને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં લઈ ગયા. પ્રાથમિક સારવાર આપ્યા બાદ, તમામ ઘાયલોની તબીબી તપાસ કરવામાં આવી હતી.

તારાકોટ નજીક ડ્રાઈવરે અચાનક વાહન પરનો કાબુ ગુમાવ્યો, જેના કારણે બસ રસ્તા પરથી લપસી ગઈ

અકસ્માતનું ચોક્કસ કારણ જાણી શકાયુ નથી. પ્રાથમિક માહિતી અનુસાર, બસ ડ્રાઈવરે અચાનક વાહન પરનો કાબુ ગુમાવ્યો હતો. જેના કારણે બસ રસ્તા પરથી લપસી હતી. જો કે, પોલીસ અને સંબંધિત એજન્સીઓ અકસ્માતના ચોક્કસ કારણની તપાસ કરી રહી છે. ટેકનિકલ ખામીઓ, રસ્તાની સ્થિતિ અને અન્ય સંભવિત કારણોની પણ તપાસ કરવામાં આવી રહી છે.

પોલીસ તપાસમાં નવો ખુલાસો

જો લોહાગઢ કિલ્લાથી બચી ગયો હોત કેતન તો સિયાએ બનાવી રાખ્યો હતો પ્લાન-B

પુણે, તા.૨૮

પુણેના ચર્ચિત કેતન અગ્રવાલ હત્યાકાંડની તપાસમાં દરરોજ નવા ખુલાસા થઈ રહ્યાં છે. પોલીસ સૂત્રો પ્રમાણે મુખ્ય આરોપી સિયા ગોયલ અને તેના કથિત પ્રેમી ચેતન ચૌધરીએ ન માત્ર લોહાગઢ કિલ્લાથી હત્યાનું ષડયંત્ર રચ્યું હતું, પરંતુ જો કેતન તે ધક્કાથી બચી ગયો હોત તો તેના માટે એક બીજો પ્લાન B તૈયાર કરી રાખ્યો હતો.



પોલીસ સૂત્રો અનુસાર સિયા કોઈપણ કિંમત પર કેતન અગ્રવાલ સાથે લગ્ન કરવા ઈચ્છતી નહોતી. આ કારણ છે કે તેણે ચેતન ચૌધરીની સાથે મળી ઘણી યોજનાઓ પર વિચાર કર્યો હતો. તપાસમાં સામે આવ્યું કે બંનેએ કેતનને રસ્તામાંથી હટાવવા માટે અલગ-અલગ મુદ્દે ચર્ચા કરી હતી. સૂત્રોનો દાવો છે કે કેતનને રોડ અકસ્માતનો શિકાર બનાવવા કે તેન ઝેર આપી મારવા જેવા વિકલ્પો પર પણ વિચાર કરવામાં આવ્યો હતો. પરંતુ આ ટ્રિકમાં પકડાવાનો ખતરો વધુ હોવાને કારણે આખરે લોહાગઢ કિલ્લાથી ધક્કો મારી હત્યા કરવાની યોજનાને અંજામ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો.

તપાસમાં તે પણ સામે આવ્યું છે કે જો કેતન ઊંડી ખીણમાંથી પડ્યા બાદ બચી ગયો હોત તો પણ સિયાએ તેનો પીછો છોડાવવાની રણનીતિ બનાવી રાખી હતી. પોલીસ સૂત્રો પ્રમાણે સિયાને આશા હતી કે આટલી ઊંચાઈએથી પડ્યા બાદ કેતન ગંભીર રૂપથી ઈજાગ્રસ્ત કે સ્થાયી દિવ્યાંગ થઈ શકે છે. આવી સ્થિતિમાં તે એ આધાર પર લગ્ન તોડવાનો નિર્ણય લેત અને પરિવારની સામે તે કારણ જણાવત.

સૂત્રો અનુસાર સિયાને તે પણ અંદાજ હતો કે જો તે સીધી ચેતન ચૌધરીની સાથે લગ્નની વાત કરે તો પરિવાર તે માટે તૈયાર ન થાય. કહેવામાં આવી રહ્યું છે કે તેણે કથિત રીતે તે માટે યોજના બનાવી હતી કે પહેલા કેતનથી છુટકારો મેળવવામાં આવે અને પછી થોડા વર્ષો બાદ તક જોઈ ચેતન સાથે લગ્ન કરવામાં આવે. તપાસ એજન્સીઓ તે એંગલની પણ તપાસ કરી રહી છે